# Telephonic conversation between Prime Minister and Prime Minister of Portugal

May 05, 2020

## વડાપ્રધાન અને પોર્તુગલનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 05, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પોર્તુગલનાં વડાપ્રધાન મહામહિમ અન્ટોનિયો કોસ્ટા સાથે ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને ફેબ્રુઆરીમાં પોર્તુગલનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી માર્સેલો ડી સોસાની ભારતની મુલાકાત યાદ કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીની સ્થિતિ અને તેની આરોગ્યની અને આર્થિક અસર નિયંત્રણમાં લેવા બન્ને દેશો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓની ચર્ચા કરી હતી. વડાપ્રધાને આ કટોકટીને અસરકારક રીતે હાથ ધરવા બદલ વડાપ્રધાન કોસ્ટાની પ્રશંસા કરી હતી.

નેતાઓએ નોંધ લીધી હતી કે સક્રિય રાષ્ટ્રિય પગલાઓ આ વાઈરસનાં ફેલાવાને નાથવા માટે મદદરૂપ બન્યા હતા. તેઓએ આ પરિસ્થિતિનો સામનો કરવા એકબીજાને બનતી તમામ મદદ ઑફર કરી હતી, અને કોવિડ-19 સામે લડવાનાં ધ્યેય સાથેનાં સંશોધન અને નવીનીકરણ પર જોડાણ કરવા સંમત થયા હતા.

વડાપ્રધાને લોકડાઉનનાં કારણે પરત ન ફરી શકે તેવાં પોર્તુગલમાં ભારતીય પ્રવાસીઓનાં વિઝાની માન્યતા વધારવા માટે વડાપ્રધાન કોસ્ટાનો આભાર માન્યો હતો. વડાપ્રધાન કોસ્ટાએ ભારતમાં પોર્તુગલનાં નાગરિકોને ભારતીય સત્તાધિકારીતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સુવિધાઓ બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓ આ મહામારીની ઉદ્‌ભવી રહેલી સ્થિતિઓ પર તથા કોવિડ-બાદનાં સંદર્ભમાં સંપર્ક અનને પરામર્શમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**મે 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.